પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૧૪/૦૮/૨૦૨૨ થી તા. ૨૦/૦૮/૨૦૨૨ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-

(૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૩૬/૨૦૨૨ તા.૧૪/૦૮/૨૦૨૨ :-

તા. ૧૪/૦૮/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર ચાઇલ્ડ લાઇન ટીમના સભ્યો સાથે હાજર હતા તે વખતે પ્લે નં ૦૧ ઉપર વડોદરા સાઇડના છેડા પાસે એક છોકરી તથા એક છોકરો બેસેલ જોવામા આવતા તેઓની પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે તેઓની બહેન છે જેથી તેઓનુ આધારકાર્ડ માગતા સદર છોકરીનુ નામ રાનીકુમારી ડો/ઓ નારદપ્રસાદ પ્રસાદ ઉ.વ. ૧૫ ધંધો અભ્યાસ રહે ગામ જરખોર પો જમુનીયા વોર્ડ નં ૦૨ ધોરાસહર ચંપારણ્ય રાજ્ય બિહાર તથા છોકરાનુ નામ અભિષેક કુમાર સ/ઓ મનોજ કુમાર જાતે કુમાર ઉ.વ. ૨૨ ધંધો નોકરી રહે ગામ ટોનવા પોસ્ટ અમવા બિશ્નુપોપુર પુર્વી ચંપારણ્ય રાજ્ય બિહાર વાળો હોવાનુ જણાવતા તેઓની વધુ પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે અમો એક બીજાને પ્રેમ કરીયે છીએ જે બાબતની જાણ રાનીના માતાપિતાને થઇ જતા તેઓ રાનીને માર મારતા તેને મને ફોન કરી જણાવતા હુ રાનીને જણાવેલ કે તુ મારી પાસે આવી જા જેથી રાની તા ૦૬/૦૮/૨૦૨૨ ના રોજ ઘરેથી કોઇને પણ જાણ કર્યા વગર નીકળી આવેલ અને અમારા વતનના મંદીરમાં લગ્ન કરી અમો બન્ને સુરતથી અમદાવાદ જવા સારૂ સુરત રેલ્વે સ્ટેશન ઉપર બેસેલ હોવાનુ જણાવતા જે બાબતે છોકરીના મામાનાનો મો.ફોન ઉપર સંપર્ક કરી જાણ કરતા તેઓએ જણાવેલ કે છોકરીની માતા અસ્થિર મગજની હોઇ અને રાની તેઓ સાથે જ રહે છે ગઇ તા ૦૬/૦૮/૨૦૨૨ થી તે જણાતી ન હોય જેથી સગાસંબધીઓમાં તપાસ કરાવતા મળી આવેલ ન હોય અને તે તેની માતા સાથે રહેવા ગયેલ હશે તેમ જણાવતા હોય અને તેઓ રાનીને સુરત લેવા આવનાર હોય જેથી તેઓ સુરત ન આવે ત્યા સુધી સદર છોકરીને ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ રામનગર રાદેર સુરત ખાતે મુકવા માં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે.

(૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૩૪/૨૦૨૨ તા.૧૬/૦૮/૨૦૨૨ :-

તા. ૧૬/૦૮/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫, તથા ચાઇલ્ડ લાઇન ટીમ ના સભ્ય નામે રીયા પટેલ તથા કલાબેન બાવીસ્કર નાઓ સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે પ્લે નં ૦૧ ઉપર એક છોકરો ઘણીવાર સુધી એકલો બેસેલ હોય જેથી છોકરાને તેના વાલીવારસો વિશે પુછપરછ કરતા તેને જણાવેલ કે તેના માતાપિતા મરણ ગયેલ છે અને તે એકલો તેના મિત્ર સાથે રહે છે અને તે સુરત રેલ્વે સ્ટેશન ઉપર ફરવા આવેલ હોવાનુ જણાવતા તેને સુરત રે.પો.સ્ટે.મા લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ દીપકકુમાર સ/ઓ મહેંતકુમાર જાતે ગૌતમ ઉ.વ. ૧૩ રહે ગામ યાકુબપુર થાના બેલા તા ધુના જી ઓરૈયા રાજ્ય ઉત્તરપ્રદેશ વાળો હોવાનુ જણાવતો હોય જે બાબતે છોકરો સાચી હકીકત જણાવતો ન હોય જેથી તેના વાલીવારસોને મળી ન આવે ત્યા સુધી તેને વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ કતારગામ સુરત ખાતે મુકવામા આવેલ. બાદ તા ૨૦/૦૮/૨૦૨૨ ના રોજ સદર છોકરાના પિતા આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર છોકરાનો કબ્જો તેના પિતાને રૂબરૂમા સોપવામાં આવેલ છે

(૩) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૩૮/૨૦૨૨ તા.૧૭/૦૮/૨૦૨૨ :-

તા.૧૭/૦૮/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ તથા ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે કલાબેન બાવીસ્કર નાઓ સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે એક બાળક મુસાફર ખાનામાં ટીકીટ બારી પાસે એક છોકરો આમ તેમ ફરતો જોવામા આવતા તેના વાલીવારસો વિશે પુછપરછ કરતા તેને જણાવેલ કે તેની માતા તેના વતનમાં રહે છે અને તે તેના પિતાશ્રી સાથે સુરત ફરવા આવેલ હોવાનુ જણાવતા તેને સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમા લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ વિકાર સ/ઓ ચંદ્રશેખર જાતે ગુપ્તા ઉ.વ. ૧૪ ધંધો અભ્યાસ રહે પરશહતા થાના ધાનાપુર જી ચંદોવલી રાજ્ય ઉત્તરપ્રદેશ વાળો હોવાનુ જણાવતા તેની પાસેથી તેના પિતાનો સંપર્ક નંબર મેળવી ફોન કરી સંપર્ક કરતા તેઓ સુરત રહેતા હોવાનુ...

...જણાવતા હોય અને છોકરાને લેવા માટે સુરત રે.પો.સ્ટે.મા આવતા છોકરા વિશે પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે મારો દીકરો બે મહીના પહેલા વતનથી મારી સાથે આવેલ છે અને તેને માનસીક બિમારી હોય તેની સારવાર માટે લાવેલ હતો પરંતુ તે અવાર-નવાર ઘરેથી નીકળી ને ક્યાંક જતો રહે છે તેમ જણાવતા હોય તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર બાળકનો કબ્જો તેના પિતાને રૂબરૂમા સોપવામાં આવેલ છે

(૪) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૦૨/૨૦૨૨ તા.૧૮/૦૮/૨૦૨૨ :-

તા. ૧૮/૦૮/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રે.પો.સ્ટે.માં મીસીંગ તુમારી કામ કરતા હતા તે વખતે પી.એસ.ઓ વનરાજસિંહ બાબુસિંહ નાઓ પાસે ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે હેતલ રાઠોડ તથા કલાબેન બાવિસ્કાર નાઓ એક છોકરો તથા એક છોકરી લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેને સદર બાળકીનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ મનિષા બચુરામ જાતે તીર્કી ઉ.વ. ૧૫ ધંધો અભ્યાસ રહે ગામ ત્રિલોક થના મનાતુ જીલ્લો પલામુ રાજ્ય ઝારખંડ વાળી હોવાનુ અને તે તેના ગામના છોકરા સાથે પ્રેમ સબંધ હોવાથી લગ્ન કરવાના ઇરાદે છોકરો નામે સતિષ સ/ઓ રઘુરામ જાતે કશ્યપ ઉ.વ. ૧૭ ધંધો અભ્યાસ રહે સદર વાળા સાથે લગ્ન કરવાના ઇરાદે ઘરે કોઇને પણ જાણ કર્યા વગર નીકળી આવેલ હોવાનુ જણાવતા તેઓના જણાવેલ સરનામે નજીકમા મનાતુ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા સદર પોલીસ સ્ટેશન પી.એસ.ઓ એ.એસ.આઇ ઉમરખાન નાઓના મો નનં ૭૦૯૧૪૭૮૮૩૧ ઉપર સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે સદર બાળકીના માતાપિતા ઝાંરખંડથી લેવા આવનાર હોય સદર બાળકીના વાલીવારસો ન આવે ત્યા સુધી તેને ચિલ્ડ્રન હોમ ફોર ગલ્સ રામનગર રાદેર સુરત ખાતે મુકવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ

(૫) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૦૩/૨૦૨૨ તા.૧૮/૦૮/૨૦૨૨ :-

તા. ૧૮/૦૮/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રે.પો.સ્ટે.માં મીસીંગ તુમારી કામ કરતા હતા તે વખતે પી.એસ.ઓ વનરાજસિંહ બાબુસિંહ નાઓ પાસે ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે હેતલ રાઠોડ તથા કલાબેન બાવિસ્કાર નાઓ એક છોકરો તથા એક છોકરી લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેને સદર છોકરાનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ સતિષ સ/ઓ રઘુરામ જાતે કશ્યપ ઉ.વ. ૧૭ ધંધો અભ્યાસ રહે સદર વાળાએ જણાવેલ કે તે તેના ગામની છોકરી સાથે પ્રેમ સબંધ હોય જેથી લગ્ન કરવાના ઇરાદે મનિષા બચુરામ જાતે તીર્કી ઉ. વ. ૧૫ ધંધો અભ્યાસ રહે ગામ ત્રિલોક થના મનાતુ જીલ્લો પલામુ રાજ્ય ઝારખંડ વાળી ને ઘરે કોઇને પણ જાણ કર્યાવગર નીકળી આવેલ હોવાનુ જણાવતા સદર જણાવેલ સરનામે નજીકના મનાતુ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા સદર પોલીસ સ્ટેશન પી.એસ.ઓ એ.એસ.આઇ ઉમરખાન નાઓના મો નં ઉપર સંપર્ક કરી જાણ કરતા તેઓએ જણાવેલ કે સદર બાળકના માતાપિતા ઝાંરખંડથી લેવા આવનાર હોય સદર બાળકના વાલીવારસો ન આવે ત્યા સુધી તેને વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ કતારગામ સુરત ખાતે મુકવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ

(૬) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૩૦/૨૦૨૨ તા.૧૯/૦૮/૨૦૨૨ :-

તા. ૧૯/૦૮/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે રીયા પટેલ નાઓ સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે પ્લે નં ૦૧ ઉપર એક બાળક આમ તેમ ફરતો જોવામા આવતા તેની પુછપરછ કરતા તેને જણાવેલ કે હુ ઘરેથી કોઇને પણ જાણ કર્યા વગર નીકળી આવેલ છુ તેમ જણાવતા સદર બાળકને સુરત રે.પો.સ્ટે.મા લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ કરણ સ/ઓ જીતેંદ્ર જાતે ગૌડ ઉ.વ. ૧૩ ધંધો અભ્યાસ રહે વૃંદાવન સોસાયટી રાગીણી મલ્ટી પ્રેકસ સીનેમાની બાજુમાં અંકલેશ્વર જી ભરૂચ વાળાે હોવાનુ જણાવતા તેની પાસેથી તેના માતાપિતાના મોબાઇલ નંબર વિશે પુછપરછ

કરતા તેને જણાવેલ કે મને કોઇના નંબર યાદ નથી જેથી અંકલેશ્વર જી.આઇ.ડી.સી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરતા પી.એસ.ઓ.એ સદર બાળકના પિતાનો સંપર્ક નંબર મેળવી આપતા તે નંબર ઉપર સંપર્ક કરી જાણ કરતા...

...બાળકના પિતાએ જણાવેલ કે મારા દિકરાને ભણવા બાબતે કહેતા તેને લાગી આવતા તે અવાર નવાર ઘરેથી નીકળી જાય છે આજરોજ પણ તે કોઇને પણ જાણ કર્યા વગર નીકળી આવેલ હતો બાદ સદર બાળકના પિતા નામે જીતેંદ્ર સ/ઓ હરી જાતે ગૌડ ઉ.વ. ૩૭ ધંધો નોકરી રહે હાલ અંકલેશ્વર મુળ રહે ગાવ કરમપુર થાના થાન પુર જી ગાંજીપુર રાજ્ય ઉત્તર પ્રદેશ વાળા બાળકીની માતા નામે સુનૈના વા/ઓ જીતેંદ્ર જાતે ગૌડ નાઓ અંકલેશ્વરથી લેવા માટે સુરત રે.પો.સ્ટે.મા આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર બાળકનો કબ્જો તેના માતાપિતાને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

(૭) સુરત રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૫૧૨૨૦૮૫૫/૨૨ NDPS Act, કલમ-૮(સી), ૨૦(બી-ii(મુજબ તા. ૨૦/૦૮/૨૦૨૨ :-

સુરત રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૫૧૨ ૨૦૮૫૫/૨૨ NDPS Act, કલમ. ૮(સી), ૨૦ (બી-ii(મુજબના ગુનામાં તા.૧૫/૦૮/૨૨ ના કલાક ૦૩/૪૮ વાગે નીયોલ રે.સ્ટે. પસાર થયા બાદ ટ્રેન નં ૧૨૮૪૩ પુરી-અમદાવાદ એક્સ ટ્રેનના આગળના ભાગે આવેલ બે જનરલ કોચના કોરીડોર વચ્ચે રનીંગ ટ્રેનમાં કોઇ અજાણ્યા ઇસમે પોતાના આર્થિક લાભ માટે ૧૨.૨૦૦ કિલોગ્રામ ગાંજો કિં.રૂા. ૧,૨૨,૦૦૦/-, પેકીંગ મટીરીયલ કિં. રૂા. ૦૦/૦૦, બેગ કિં. રૂા.૨૦૦ મળી કુલ કિં. રૂા. ૧,૨૨,૨૦૦/- નો આયાત કરી પોલીસમા પકડાઇ જવાના ડરે ગાંજાનો જથ્થો બિનવારસી હાલતમા છોડી નાસી ગયેલ જે મળી આવતા ઉપરોકત નંબર, કલમથી ગુનો રજીસ્ટર કરવામા આવેલ છે.

(૮) સુરત રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૫૧૨૨૦૮૮૬/૨૨ NDPS Act, કલમ-૮(સી), ૨૦(બી-ii(, ૨૯ મુજબ તા. ૨૦/૦૮/૨૦૨૨ :-

સુરત રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૫૧૨૨૦૮૮૬/૨૨ NDPS Act, કલમ-૮(સી), ૨૦(બી-ii(, ૨૯ મુજબના ગુનામાં તા.૨૦/૦૮/૨૨ ના ૦૪/૪૫ વાગ્યના અરસામાં ટ્રેન નં.૧૨૮૪૩ પુરી અમદાવાદ એકસ વખતે સુરત રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નંબર-૧ ના વચ્ચેના ભાગે સીડી પાસેથી આરોપી પોતાના આર્થિક લાભ માટે ૮.૧૫૮ કિ.ગ્રામ ગાંજો કિંમત રૂા. ૮૧,૫૮૦/-,તેમજ બેકપેક કિ.રૂ.૧૦૦/-તથા એક મો.ફોન કિ.રૂ.૧૦૦૦/-, એક રેલ્વે જનરલ ટિકિટકિ.રૂ. ૦૦/- મળી કુલ રૂા.૮૨,૬૮૦/- નો આયાત કરી લઇ જતા એક આરોપીને પકડી ઉપરોકત નંબર, કલમથી ગુનો રજીસ્ટર કરવામા આવેલ છે.

“પોલીસ અધિક્ષકશ્રીની આજ્ઞાનુસાર ”

Sd/-
(એસ.ડી. ભટ્ટ)
રીડર પો.સબ ઇન્સ.
પોલીસ અધિક્ષકની કચેરી
પશ્ચિમ રેલ્વે, વડોદરા